## સંક્ષિપ્ત સમાચાર

### કડી મહિલા આર્ટ્સ કોલેજનું ગૌરવ

મહેસાણા : ગુજરાત સરકાર દ્વારા ઉચ્ચ શિક્ષણના સંશોધન કાર્યને વેગ મળે તે હેતુથી સ્કીમ ઓફ ડેવલોપીંગ હાઈ ક્વોલિટી રિસર્ચ યોજના અંતર્ગત ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઓના વિવિધ વિષયોના સંશોધન વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળ્યો હતો. જેમાં કડીની એમ.પી.શાહ એજ્યુકેશન સોસાયટી સંચાલિત મણીબેન એમ.પી. શાહ મહિલા આર્ટસ કોલેજમાં અભ્યાસ કરતી અર્થશાસ્ત્ર વિષયની વિદ્યાર્થિની દવે ઝલકબેન પ્રદિપભાઈને પીએચ.ડી.ના સંશોધન કાર્ય માટે શોધ યોજના હેઠળ સ્ટાઈપેન્ડ મળેલ છે. કોલેજનાં આચાર્યા ડૉ.હિનાબેન એમ.પટેલના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી.નું સંશોધન કાર્ય કરી રહ્યા છે.

### કલોલ તાલુકા પોલીસ દ્વારા શ્રમજીવીઓને માસ્કનું વિતરણ કરાયું



કલોલ : હાલમાં ચાલી રહેલ કોરોના મહામારીથી બચવા માસ્ક પહેરવુ અનિવાર્ય છે. ત્યારે ગરીબ શ્રમજીવીઓને તાલુકા પોલીસ ધ્વારા માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું. તાલુકા પી.આઈ વી.વી. ત્રિવેદીના માગદર્શન હેઠળ એલ.આઈ.બી.ના ભરતભાઈ અને મહેન્દ્રસિંહ તથા સ્ટાફ ધ્વારા તાલુકાના નારદીપુર-સઈજ બાલવા- છત્રાલની જીઆઈડીસીની શ્રમજીવી ગરીબ વસાહતોમાં ૧૫૦૦ જેટલા માસ્કનું વિતરણ કરાયું હતું.

### આખરે મહેસાણા પાલિકામાં થર્મલ ગનનો ઉપયોગ થવા માંડ્યો



મહેસાણા : આખરે મહેસાણા નગરપાલિકા કચેરીમાં આવતા અધિકારી-કર્મચારી, પદાધિકારી અને અરજદારોને થર્મલ ગનથી તાપમાન ચકાસણી શરૂ કરવામાં આવી છે. સત્તાધીશોએ આળસ ખંખેરીને કચેરીમાં આવતા તમામ લોકોનું હવે પ્રવેશદ્વારે જ થર્મલ ગનથી તાપમાન ચકાસવાની કામગીરી શરૂ કરી દેવાઈ છે.

### મેઘાઅલિયાસણામાં તલાટીનો વિદાય સમારંભ યોજાયો



મહેસાણા : મહેસાણા તાલુકાના મેઘાઅલિયાસણા ગામમાં વય નિવૃત્ત થતાં તલાટી કમ મંત્રી મનહરદાન ધૂનાભાઈ ગઢવી (દેવરાસણ)નો વિદાય સમારંભ યોજાયો હતો. ગામના અગ્રણીઓ, સરપંચ, ઉપસરપંચ તેમજ પંચાયતના તમામ સભ્યો સહિત ગ્રામજનો સોશિયલ ડિસ્ટન્સ જાળવીને આ વિદાય સમારંભમાં ઉપસ્થિત રહ્યા હતા.

### કડા સિદ્ધેશ્વરી મંદિર પૂનમના દિવસે બંધ રહેશે

વિસનગર : વિસનગર તાલુકાના કડા ગામે આવેલ સિદ્ધેશ્વરી માતાનું મંદિર રવિવારે ગુરૂપુનમના દિવસે કોરોના મહામારી ની ગંભીરતાને ધ્યાનમાં રાખી સંપુર્ણ બંધ રાખવામાં આવેલ છે તેવું સિદ્ધેશ્વરી માતા ટ્રસ્ટે જણાવ્યુ છે. તેમજ સદુથલા ગામે છેલ્લા ૫૦ વર્ષથી ગુરૂપુર્ણિમાનો મહોત્સવ ઉજવાય છે જે કોરોના મહામારી અંતર્ગત સદુથલા ઉમેદપુરી બાપુના મંદિરમાં મિટીંગ મળી હતી. પ્રમુખ નટુભાઈ સહિતના ટ્રસ્ટીઓએ હાલની પરિસ્થિતિને ધ્યાને લઈ ગુરૂપુર્ણિમા ઉજવણીનો મહોત્સવ સંપુર્ણ બંધ રહેશે અને મેળો પણ નહિ યોજાય તેવું જણાવ્યુ છે.

### પાલિકાના બે કર્મચારીઓનો વિદાય સમારંભ યોજાયો



મહેસાણા : મહેસાણા નગર પાલિકાના કર્મચારી સદાભાઈ પરમાર અને ગંભીરજી ઠાકોર વય મર્યાદાના કારણે નિવૃત્ત થતા નગર પાલિકામાં વિદાય સમારંભ યોજાયો હતો. પાલિકા પ્રમુખ નવીનભાઈની ઉપસ્થિતિમાં યોજાયેલા વિદાય સમારંભમાં કર્મચારીઓનું સન્માન કરીને તેમને માનભેર વિદાય આપવામાં આવી હતી. મહેસાણા નગર પાલિકામાં વર્ષો સુધી વિવિધ શાખાઓમાં ફરજ બજાવનાર બન્ને કર્મચારીઓની કદર કરીને સન્માન કરવામાં આવ્યું હતું.

---

કોરોનાના કુલ દર્દીનો આંકડો ૨૨૬ પર પહોંચ્યો

# કલોલ શહેરમાં કોરોના બેકાબૂ : વધુ ૧૧ નવા કેસ નોંધાતા તંત્રમાં દોડધામ મચી

## કલોલ શહેર ભાજપના પ્રમુખ કોરોના વાઈરસમાં સપડાયા

। કલોલ । (સં.ન્યૂ.સ.)

કલોલ શહેર સહિત પંથકના ગામડાઓમાં કોરોનાનો રોગચાળો બે કાબુ બની રહ્યો છે. તંત્રની દોડધામ છતાં રોગચાળો વકરી રહ્યો છે. અને રોજ બરોજ દર્દીઓની સંખ્યા ભયજનક હદે વધી રહી છે. અને મોતનો આંકડો પણ ચિંતાજનક હદે વધી રહ્યો છે. કલોલ શહેર અને પંથકના ગામડાઓમાં થઈ આજરોજ કોરોનાના વધુ ૧૧ કેસ નોંધાયા હતા. કલોલ શહેર ભાજપના પ્રમુખ જે.કે. પટેલનો કોરોનાનો રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે. તેમને કોરોનાના લક્ષણો જણાતા રિપોર્ટ કઢાવ્યો હતો. જે પોઝિટીવ આવતા તેમને સારવાર માટે અમદાવાદની ખાનગી હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા છે.

કલોલ શહેર તેમજ પંથકમાં કોરોનાના દર્દીઓ વધવા લાગતા અને મોતનો આંકડો વધતા વહીવટી તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. અને જિલ્લા કલેકટર તથા આરોગ્ય કમિશ્નરે કલોલમાં અધિકારીઓ સાથે મુલાકાત અને બેઠકો કરી હતી. અને જરૂરી સુચનાઓ આપી હતી. તેમ છતાં રોગચાળો વકરી રહ્યો છે. જેને પગલે ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. કલોલમાં મોટી સંખ્યામાં કોરોનાના દર્દીઓ વધી રહ્યા છે. જેમા આજરોજ નવા ૧૧ કેસનો ઉમેરો થયો હતો. આ કેસોમાં કલોલ શહેરના પંચવટી વિસ્તારમાં પાંચ કેસ નોંધાયા હતા. જેમા ૪ પુરૂષ અને ૧ મહિલાનો કોરોના રિપોર્ટ પોઝિટીવ આવ્યો હતો. તેમજ અશરા સોસાયટીમાં ૧ મહિલા તથા છત્રાલ અને રાંચરડા તથા ગોલથરામાં મળી ત્રણ મહિલાઓ કોરોના ગ્રસ્ત બની છે. તેમજ બે મહિલાઓ કલોલમાં કોરોનાગ્રસ્ત બની હતી. વધતા જતા કોરોનાના દર્દીઓને પગલે વહીવટી તંત્રમાં ચિંતા સાથે દોડધામ મચી જવા પામી છે.

---

# પાટણમાં ચીલઝડપ કરનાર ઈરાની ગેંગના બે આરોપીઓની ધરપકડ

## મહેસાણા એલ.સી.બી.ટીમે બાતમીના આધારે દબોચી લીધા

। મહેસાણા । (સંદેશ બ્યૂરો)



પાટણ શહેરમાં બૅન્કમાંથી નાણાં ઉપાડીને ઘરે જઈ રહેલા ઈસમ પાસેથી ૫૦ હજાર રૂપિયાની રોકડની ચિલઝડપ કરીને મોટરસાઈકલ પર બે અજાણ્યા ઈસમો નાસી છૂટ્યા હતા. પાટણ પોલીસે આસપાસના જિલ્લાઓમાં નાકાબંધીનો મેસેજ કરતા જિલ્લા પોલીસ વડા ડૉ. પાર્થરાજસિંહ ગોહિલની સૂચનાથી મહેસાણા પોલીસ કંટ્રોલ રૂમે પણ સમગ્ર મહેસાણા જિલ્લામાં પોલીસ નાકાબંધીનો મેસેજ પાઠવ્યો હતો. જેને પગલે સાંથલા સહિતની પોલીસે નાકાબંધી ગોઠવી હતી. દરમિયાન એલસીબીના પી.આઈ. પૃથ્વીસિંહ પરમાર અને પી.એસ.આઈ. આર. જી. ચૌધરીની ટીમે મળેલ મેસેજને આધારે સાંથલા નજીક નાકાબંધી ગોઠવીને શંકાસ્પદ હાલતમાં મહારાષ્ટ્ર પાસિંગનું મોટરસાઈકલ લઈને પસાર થઈ રહેલા હસનઅલી ઈરાની અને જાફર અલી ઈરાની રહે. શિવાજીનગર, જિલ્લો બીડ, મહારાષ્ટ્ર નામના બે ઈસમોને અટકાવી પૂછપરછ કરતા પાટણ શહેરમાંથી ચિલઝડપ કરીને આ બંને આરોપીઓ નાસી છૂટ્યા હોવાનું ખૂલવા પામ્યું હતું. ચિલઝડપ કરવામાં માહિર એવા ઈરાની ગેંગના આ બંને આરોપીઓ પાસેથી ૨૧,૦૦૦ રૂપિયાની રોકડ અને મહારાષ્ટ્રનું મોટરસાઈકલ સહિતનો મુદ્દામાલ પણ કબજે કર્યો હતો. ઝડપાયેલા બંને આરોપીઓ પાટણના ગુનામાં સંડોવાયેલા હોવાથી મહેસાણા એલસીબી બંનેને પાટણ પોલીસને સુપરત કર્યા હતા.

---

## માર્કેટયાર્ડ કોમર્શીયલ કો.- ઓપ. બેંક લિ.ઊંઝા

નવા ગંજબજાર, ઊંઝા-૩૮૪૧૭૦

**ચૂંટણી અંગેની જાહેરાત** તા. ૦૩/ ૦૭ / ૨૦૨૦

માર્કેટયાર્ડ કોમર્શિયલ કો-ઓપ. બેંક લી. ઊંઝાની સને ૨૦૨૦થી ૫(પાંચ) વર્ષ માટે અલગ-અલગ કેટેગરી માટે ૧૯ ડીરેક્ટરશ્રીઓની ચૂંટણી કરવાની થાય છે. જેનો ચૂંટણી અંગેનો વિગતવાર કાર્યક્રમ હેડ ઓફીસ, નવા ગંજબજાર, ઊંઝાના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરેલ છે.

**ચૂંટણી તારીખ :-** ૨૬/૭/૨૦૨૦, રવિવાર

**સમય :-** સવારે ૮-૦૦ કલાકે થી સાંજના ૫-૦૦ કલાક સુધી

**સ્થળ :-** શ્રી બી.પી.બ્રહ્મભટ્ટ આર્ટસ એન્ડ એમ.એચ. ગુરૂ કોમર્સ કોલેજ, ઊંઝા

તા. ૦૩/ ૦૭ / ૨૦૨૦ (સુરેશભાઈ આઈ. પટેલ)
સ્થળ :- ઊંઝા **મુખ્ય ચૂંટણી અધિકારી**

## ઊંઝા નાગરિક સહકારી બેંક લી. ઊંઝા.

તા. ૦૩/ ૦૭ / ૨૦૨૦

**ચૂંટણી અંગેની જાહેરાત**

ઊંઝા નાગરિક સહકારી બેંક લી. ઊંઝાની સને ૨૦૨૦થી ૫(પાંચ) વર્ષ માટે અલગ-અલગ કેટેગરી માટે ૧૯ ડીરેક્ટરશ્રીઓની ચૂંટણી કરવાની થાય છે. જેનો ચૂંટણી અંગેનો વિગતવાર કાર્યક્રમ હેડ ઓફીસ, અને બેંકની તમામ શાખાઓના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરેલ છે.

**ચૂંટણી તારીખ :-** ૨૬/૭/૨૦૨૦, રવિવાર

**સમય :-** સવારે ૮-૦૦ કલાકે થી સાંજના ૫-૦૦ કલાક સુધી

**ઊંઝા સ્થળ :-** શેઠ એમ.આર.એસ. હાઈસ્કૂલ, ઊંઝા.

**વિસનગર સ્થળ :-** ૧૬/એ ગંજબજાર, વિસનગર.

**કડી સ્થળ :-** પ્લેટીનમ પ્લાઝા કોમ્પલેક્ષ, કડી.

તા. ૦૩/ ૦૭ / ૨૦૨૦ (બિપીનભાઈ કે. પટેલ)
સ્થળ :- ઊંઝા **મુખ્ય ચૂંટણી અધિકારી**

---

# મહેસાણા, પાટણના પૂર્વ સૈનિકો, પરિવારોને અપાય છે માર્ગદર્શન

## સૈનિકોના બાળકોને શિષ્યવૃત્તિ, પરિવારને આર્થિક સહાય પણ કરાય છે

। મહેસાણા । (સંદેશ બ્યૂરો)

મહેસાણા, પાટણ અને બનાસકાંઠાના વતની અને દેશના ભૂમિ, જળ અને હવાઈ દળમાં ફરજ બજાવીને નિવૃત્ત થયેલા પૂર્વ સૈનિકો તેમજ દિવંગત થઈ ગયેલા સૈનિકોના ધર્મ પત્ની અને તેઓના પરિવાર માટે કલ્યાણકારી કામગીરી મહેસાણાની બહુમાળી ઈમારત સ્થિત જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી દ્વારા કરવામાં આવતું હોવાનું અધિકારી હિરેન લીમ્બાચીયા અને મુખ્ય કારકુન સીએમ પટેલે જણાવ્યું હતું. મા ભોમની સેવા કરી ફરજમાંથી નિવૃત્ત થનારા સૈનિકોને જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી દ્વારા મુખ્યત્વે તેઓને ઓળખપત્ર અને પેન્શનને લગતા પ્રશ્નો ઉકેલવાની કામગીરી કરવામાં આવે છે. કચેરી દ્વારા પૂર્વ સૈનિકોના અભ્યાસ કરતા બાળકોને સ્કોલરશીપ તેમજ પરિવારની મર્યાદા આધારિત નિયમોનુસાર આર્થિક સહાય પણ આપવામાં આવે છે. એટલું જ નહીં પૂર્વ સૈનિકના બે દીકરીઓને લગ્ન સહાય, પૂર્વ સૈનિકના મૃત્યુના કિસ્સામાં તેઓના અંતિમ સંસ્કાર માટે પણ આર્થિક સહાય કરવામાં આવે છે.

**રોજગાર માહિતીની સુવિધા**

ભારતીય સેનામાં યુવાન ૧૮ વર્ષની વયે નોકરીમાં લાગે છે અને છ ૩૬થી ૪૦ વર્ષની વયે નિવૃત્તિ મેળવે છે. ફરજ નિવૃત્તિ પછી જવાનું ટેન્શન તો મળે છે પરંતુ અન્ય શું વ્યવસાય કરવો તેની સમજણ નહીં હોવાથી કચેરી દ્વારા તેઓને રોજગાર લક્ષી માહિતી પણ આપવામાં આવે છે.

---

જગતના તાતનું પ્રેરણાદાયી ઉદાહરણ

# મોઢેરા ગામના ખેડૂતે ૩ વીઘામાં ઊભેલો જુવારનો ઘાસચારો ગાયોને અર્પણ કર્યો

## ખેતરમાં ગાયોને છૂટી મૂકી દેતાં ૩૦૦થી વધુ ગાયો ઘાસચારા પર તૂટી પડી

। બહુચરાજી । (સં.ન્યૂ.સ.)



આ વર્ષે વરસાદ ખેંચાતાં ઉભી થયેલી ઘાસચારાની વિકટ પરિસ્થિતીમાં બહુચરાજી તાલુકાના મોઢેરા ગામના જીવદયાપ્રેમી કેશરીસિંહ કરશનસિંહ સોલંકી અને હરપાલસિંહ વિક્રમસિંહ સોલંકીએ પોતાની ૩ વીઘા જમીનામાં વાવેતર કરેલી લીલી જુવારનો ઘાસચારો ગામની ૩૦૦થી વધુ ગાયોને ખવડાવી જીવદયાનુ ઉત્તમ ઉદાહરણ પુરુ પાડ્યુ છે.આ અંગેના એક પ્રશ્નના પ્રત્યુતરમાં મોઢેરા ગામના જાગૃત ખેડૂત અને અગ્રણી કેશરીસિહ સોલંકીએ જણાવ્યું હતું કે વરસાદ ખેંચાતા હાલ ઘાસચારાની અછત ઉભી થઈ છે.પરીણામે ગાય જેવા અબોલ જીવોની હાલત દયનીય બની છે.મારા જ્યેષ્ઠ પુત્ર શકિતસિંહ સોલંકીનું જીવન નાનપણથી જ અબોલ પ્રાણીઓ પ્રત્યે સહાનુભૂતિભર્યુ રહયું છે.પુત્રની ભાવના અમારા માટે પ્રેરણારૂપ બની છે.બુધવારે દેવપોઢી અગીયારસના પવિત્ર દિવસે બાબરભાઈ દેસાઈ અને ગેમરભાઈ દેસાઈ જેવા ગાયોના ગોવાળોની મુલાકાત કરી ૩ વિઘા જમીનમાં ઉભેલો લીલા જુવારનો ઘાસચારો ગાયોને અર્પણ કરવાની ઈચ્છા વ્યકત કરતાં તેઓ ૩૦૦ જેટલી ગાયો સાથે જુવારના ખેતરે આવી પહોંચ્યાં હતાં.અને ખેતરમાં ગાયોને છુટી મુકી દેતાં ગાયોએ પેટ ભરીને ઘાસચારો આરોગ્યો હતો.આ અંગે ગાયોના ગોવાળ બાબરભાઈ દેસાઈ એ જીવપ્રેમી ખેડૂતનો આભાર માની જણાવ્યું હતું કે વર્તમાન સમયે વરસાદ ખેંચાતા ઘાસચારાની અછત ઉભી થઈ છે.

---

**ખેડૂતભાઈઓ...**



ભારતભરમાં સૌથી વધુ વેચાતા અવની સીડસ ના રીસર્ચ હા. દિવેલા અવની-૧૧+, અવની-૪૧, અવની-૫૪ વાવો અને ઉત્પાદનમાં ડંકો વગાડો

નસીબદાર તો એ જ ગણાશે જેણે વાવ્યા હશે અવનીના દિવેલા

કેટલાક ખેડૂતભાઈઓએ તેમનો અનુભવ અમોને જણાવેલ કે...
"અમોને આ અવનીના રીસર્ચ હા. દિવેલા જેવુ જ બિયારણ છે એવુ કહીને અવની સાથે બીજુ દિવેલા બિયારણ પણ વળગાડેલ !!! ઉભો પાક જોઈને જ અમોને એવુ થયેલ કે જો બધા દિવેલા અવનીના જ વાવ્યા હોત તો આજે પસ્તાવુ ન પડત !"

ખેડૂતભાઈઓ, ચેતી જજો જેથી તમારૂ વર્ષ ન બગડે !

અવની જેવી ભરોસાપાત્ર કંપનીના રીસર્ચ હા. દિવેલા બિયારણ જો મળી રહેતા હોય તો પછી બીજા દિવેલાનો વિચાર જ શા માટે કરવો !

અવની સીડસ લિમિટેડ, અમદાવાદ
ફોન : ૦૭૯-૨૬૯૨૩૨૧૬, ૨૬૯૨૩૨૧૭
website : www.avaniseeds.com

---

# મહેસાણામાં વધુ ૮ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા

મહેસાણા : અનલોક બાદ મહેસાણા જિલ્લો આર્થિક પ્રવૃત્તિઓ થકી સધ્ધર થવા તરફ પ્રયાણ કરી રહ્યો છે ત્યારે કોરોના વાઈરસના સંક્રમણમાં ચિંતાજનક ઉછાળો થઈ રહયો છે. મહેસાણા જિલ્લા આરોગ્ય તંત્રએ જાહેર કરેલા આંકડા પ્રમાણે શુક્રવારના રોજ વધુ ૮ પોઝિટીવ કેસ નોંધાયા છે. જિલ્લામાં આજ દિન સુધી કોરોના વાઈરસના ૩૨૮ પોઝિટીવ કેસ નોંધાયા છે. મહેસાણામાં ૨, કડીમાં ૫ અને વિસનગરમાં ૧ કેસ નોંધાયો હતો. કડી પંથકમાં કોરોનાનો કહેર જારી રહેતાં લોકોમાં ફફડાટ વ્યાપી ગયો છે.મહેસાણા જિલ્લામાં તા.૨-૭-૨૦૨૦ સુધી ૪,૭૨૨ સેમ્પલ લેવામાં આવ્યાં હતાં. જેમાં ૪,૩૨૭ સેમ્પલ નેગેટીવ આવ્યાં છે. જિલ્લામાં શુક્રવારે ૨ સેમ્પલનું રીઝલ્ટ પોઝિટિવ આવ્યું હતું. અત્યાર સુધી જિલ્લામાં ૨૨૪ સેમ્પલના રીઝલ્ટ પેન્ડીંગ છે. જયારે ૬ દર્દી સાજા થતાં હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. અત્યાર સુધી નોંધાયેલા પોઝિટિવ કેસ ૩૨૮ પૈકી એક્ટીવ કેસ ૮૪ છે અને ૨૧૪ દર્દીઓ સાજા થતાં ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે.

# ઐઠોરમાં ૪૭ હેક્ટરમાં GIDCની સ્થાપના

। મહેસાણા । (સં.ન્યૂ.સ.)

ઊંઝા તાલુકાના ઐઠોર ખાતે ૪૭ હેકટર જમીનમાં જીઆઈડીસીની સ્થાપના કરીને આગામી ૭ જુલાઈના રોજ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલનાં હસ્તે પ્લોટની ફાળવણી કરવામાં આવનાર છે. ઐઠોર જીઆઈડીસીમાં એમએસએમઈ અને જનરલ ઝોનમાં ૨૭૯ પ્લોટ ફાળવવામાં આવશે. ઓનલાઈન અરજીઓ મંગાવ્યા બાદ ૧,૨૨૦ અરજીઓ કન્ફર્મ કરવામાં આવી છે. જે પૈકીની અરજીઓનો પારદર્શિતા સાથે પ્લોટનો ડ્રો કરવાનો જીઆઈડીસી વિભાગ દ્વારા દાવો કરાયો છે.ઐઠોર જીઆઈડીસીના પ્લોટ મેળવવા માટે ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી હતી. જેમાં પાત્રતા ધરાવતી ૧૨૨૦ અરજીઓ કન્ફર્મ કરવામાં આવી છે. જેમાં ૩,૦૦૦ ચો.મી. સુધીની જમીન મેળવવા પાત્રતા ધરાવતી ૧,૧૩૫ અરજીઓ પૈકી એમએસએમઈ ઝોનમાં ફાળવણી કરવા માટે ડ્રો કરવાનો નિર્ણય કરાયો હોવાનું જીઆઈડીસીના ચેરમેન બળવંતસિંહ રાજપૂતે જણાવ્યુ હતું.

---

**HAPPY BIRTHDAY**



હીયાન ભટ્ટ
પપ્પા : બ્રીજેશકુમાર
મમ્મી : જીનલબેન
જ. તા.૦૪-૦૭-૧૯
ગ્રામભારતી (માણસા)



શ્લોક પટેલ
પપ્પા : સંદીપભાઈ
મમ્મી : નેહાબેન
જ. તા. : ૪-૭-૧૬
રામોસણા

સંદેશ

**જાહેર નોટીસ**

વી.કે.પટેલ (GAS) સબડીવીઝનલ મેજીસ્ટ્રેટ મહેસાણાની કોર્ટમાં જન્મ નોંધણી

અરજદાર : રાજપૂત હિંમતજી લક્ષ્મણજી, રહે.પળી, તા.ઉંઝા, જિ. મહેસાણા

સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, પળી ગ્રામ પંચાયત, તા.ઉંઝા, જિ.મહેસાણા જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારનો જન્મ તા.૧/૬/૧૯૬૨ના રોજ ગામ-પળી, તા.ઉંઝા, જિ.મહેસાણા મુકામે થયેલ પરંતુ તેમના માતા-પિતાએ શરતચુકથી તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ જન્મની નોંધ કરાવવા વાંધા અરજી કરેલ છે. અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા.૧-૭-૨૦૨૦ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

સબડીવીઝનલ મેજીસ્ટ્રેટ, મહેસાણા

---

**સંદેશ કલાસિફાઈડ**

[ નોકરી વિષયક । ધંધાકીય । શૈક્ષણિક । ઔષધ ઉપચાર । પ્રોપર્ટી । નામ બદલેલ । અન્ય ]



**વાહન લે-વેચ**

**જનરલ**

હુન્ડાઈ ગ્રાન્ડ I10 2013/ Dec. Top Model Deasel સીંગલ ઓનર વ્હાઈટ ફુલ વિમો તાત્કાલીક વડોદરામાં વેચવાની 8128451187 0040085069



**નોકરી ખાલી છે**

**વિવિધ**

**કાયમી નોકરી બનાસકાંઠા** જિલ્લામાં પાલનપુર તથા અંબાજી ખાતે આવેલી Pvt. કંપનીમાં કામ કરી શકે તેવા ગામડાના તથા શહેરના મહેનતુ છોકરા- છોકરીઓની જરૂર છે, અભ્યાસ 7 પાસથી ગ્રેજ્યુએટ સુધી, ઉં. વ. 18થી 27 વર્ષ, કમાઓ મહિને 8500થી 10500 સુધી, રહેવા તથા જમવાની સુવિધા કંપનીમાં મફત, પાલનપુર. Mo: 9512456830, 9328543022. 0040085525

**અન્ય**

Telecom 4G કંપની SMS Job કરીને છોકરા- છોકરીઓ, ગૃહિણીઓ ઘરે બેઠા કમાઓ 18000- 46000 મહિને, લેપટોપ, મોબાઈલ ફ્રી. Call/ Whatsapp કરો: 07870507956, 09102727758. 0040085466

Telecom 4G SMS Job છોકરાઓ- છોકરીઓ, ગૃહિણીઓ ઘરે બેઠા 18000- 46000 મહિનાની કમાણી, લેપટોપ, મોબાઈલ ફ્રી, Call/ Whatsapp. 7541968516, 7461991813. 0040085508



**વ્યવસાયલક્ષી**

**બ્યુટી પાર્લર**


Raveena મસાજ પાર્લરમાં કોલેજીયન સાથે 15000- 20000 કમાઓ. (350/-) 8141892565 0040085348

**ફાયનાન્સ**

Finance Pvt Ltd હોમ, પ્રોપર્ટી, પર્સનલ, બિઝનેસ, ટુ/ ફોર વ્હીલર લોન 7 દિવસમાં લોન કોઈપણ પ્રકારના ખર્ચ વગર. 9099210879 0040085349

ધનલક્ષ્મી ફાયનાન્સ બધી પ્રકારની લોન વ્યાજ 0%, છુટ 50%. રુચિતા: 9424650479, શ્વેતા: 7587660596, માહિ: 9424650975. 0040085426

બંધન ફાયનાન્સ આધારકાર્ડ સમસ્ત લોન 2% વ્યાજ, 50% છુટ. 9499432989. 0040085482



**જ્યોતિષ**

**મસાણિયા મેલડી 7 કલાકમાં** વશીકરણ, છુટાછેડા, લવ પ્રોબ્લેમ, મેલીવસ્તુ, ગુપ્ત ધનના મહાન અઘોરી વિદ્યાના જાણકાર, મહેસાણા. 7043176513. 0040079500

**શિવ ઉપાસક (મહેસાણા)** વશીકરણ, લવ પ્રોબ્લેમ, મુઠચોટ, ગુપ્ત ધન, ઘરકંકાસ. 9998358748 0040084752

**ઈચ્છાધારી કાર્ય (મહેસાણા)** (300માં) તમારા Total કાર્ય સાથે. 9727030108 0040083721

**ઈન્દ્રજીત જ્યોતિષ** (મહેસાણા) ઘર બેઠાં ફોન ઉપર કામ, લવ પ્રોબ્લેમ, વશીકરણ, દારૂ છોડાવવો, સગાઈ-લગ્નમાં રૂકાવટ, લવ મેરેજ, પતિ- પત્નીના અણબનાવ. 9408898734 0040084910

**તંત્રમંત્ર જ્યોતિષ (મહેસાણા)** લવ પ્રોબ્લેમ, દારૂ છોડાવવો, મનપસંદ મિલન, છુટાછેડા. 9930265556 0040084913



**ધંધાદારી**

**ગૃહઉદ્યોગ ઘરેથી** ટ્યુબલાઈટ ચોક બનાવી 15000થી 40000 કમાવો (એગ્રીમેન્ટથી) અમદાવાદ. 8153811120, 8154011120. 0040085138

**અન્ય**

છત, જમીનમાં 4G ટાવર લગાવો એડવાન્સ 7500000 ભાડું 45000 નોકરી. 9599875649 0040085498



**નામ પરિવર્તન**

**જુનું નામ: ઠક્કર સુરેશચંદ્ર** લવજીભાઈ નવું નામ: ઠક્કર સુરેશકુમાર લવજીભાઈ. સરનામું: શક્તિનગર સોસાયટી, ભાભર, બી.કે. 0040085533

I Have Change My Old Name/ Surname From Chaudhari Zeel Mahendrakumar to My New Name/ Surname Chaudhari Zeel Mahendrabhai. R/O. 6/118, Krishna Society, Bamosna- 384120, Mahesana. 0040085517

**વાંચકોએ નોંધ લેવી કે કોઈ પણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંયેધરી આપતા નથી. વાંચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.**
**- જાહેરખબર મેનેજર**

---

**ફોર્મ-એ**
**જાહેર નિવેદન**

(ઈન્સોલ્વન્સી એન્ડ બેંકરપ્સી બોર્ડ ઓફ ઈન્ડિયા (કોર્પોરેટ વ્યક્તિઓ માટે નાદારી ઠરાવ પ્રક્રિયા) નિયમો, ૨૦૧૬ ના નિયમન ૬ હેઠળ)

**એક્સ્લુઝીવ સ્ટીલ અને કાસ્ટિંગ લીમીટેડના લેણદારોને ધ્યાને લાવવા માટે**

| લાગુ પડતી વિગતો | | |
|---|---|---|
| ૧. | કોર્પોરેટ દેવાદારનું નામ | એક્સ્લુઝીવ સ્ટીલ અને કાસ્ટિંગ લીમીટેડ |
| ૨. | કોર્પોરેટ દેવાદારની નોંધણી થયાની તારીખ | ૨૨/૦૧/૨૦૦૮ |
| ૩. | ઓથોરિટી કે જેના હેઠળમાં કોર્પોરેટ દેવાદાર ની નોંધણી થયેલ છે. | રજીસ્ટ્રાર ઓફ કંપનીઝ, અમદાવાદ |
| ૪. | કોર્પોરેટ ઓળખ નંબર / કોર્પોરેટ દેવાદારની મર્યાદિત જવાબદારી ઓળખ નંબર | (યુ૨૭૩૦૦જીજે૨૦૦૮પીએલસી ૦૫૨૬૮૮) (U27300GJ2008PLC052688) |
| ૫. | કોર્પોરેટ દેવાદારની નોંધાયેલ કચેરી (રજી. ઓફીસ) અને મુખ્ય કચેરીનું સરનામું (જો કોઈપણ) | પ્લોટ ૧૩, સર્વે નંબર ૨૭૧, ગામ મંડાલી ભાગ્યોદય હોટલ સામે. મંડાલી જીજે ૩૮૪૧૩૦ |
| ૬. | કોર્પોરેટ દેવાદારના સંબંધમાં નાદારીની શરૂઆત તારીખ | ૦૨/૦૭/૨૦૨૦ |
| ૭. | નાદારીના ઠરાવની પ્રક્રિયા બંધ કરવાની અંદાજિત તારીખ | ૨૯/૧૨/૨૦૨૦ |
| ૮. | વચગાળાના ઠરાવના નાદારી વ્યાવસાયિકનું નામ અને નોંધણી નંબર | ભરત રમાકાંત ઉપાધ્યાય નોંધણી નંબર: આઈબીબીઆઈ / આઈપીએ -૦૦૨ / આઈપીએન ૦૦૧૨૦ / ૨૦૧૭-૧૮/૧૦૨૮૯ |
| ૯. | બોર્ડ સાથે વચગાળાના ઠરાવના વ્યાવસાયિક તરીકે નોંધાયેલનું સરનામું અને ઈ-મેઈલ | ૫૦૭, ૫ મો માળ, સી ૨ વિંગ, સ્કાયલાઈન વેલ્થ સ્પેસ,સ્કાયલાઈન ઓએસિસ સંકુલ, પ્રીમિયર રોડ, વિદ્યાવિહાર સ્ટેશન નજીક, ઘાટકોપર- વેસ્ટ, મુંબઈ – ૪૦૦૦૮૬ **આઈબીબીઆઈ સાથે નોંધાયેલ ઈમેઈલ આઈડી brupadhyay@hotmail.com** |
| ૧૦. | વચગાળાના ઠરાવ વ્યાવસાયિકની સાથે પત્રવ્યવહાર માટે ઉપયોગમાં લેવા માટે સરનામું અને ઈ-મેઈલ | ૫૦૭, ૫ મો માળ, સી ૨ વિંગ, સ્કાયલાઈન વેલ્થ સ્પેસ, સ્કાયલાઈન ઓએસિસ સંકુલ, પ્રીમિયર રોડ, વિદ્યાવિહાર સ્ટેશન નજીક, ઘાટકોપર- વેસ્ટ, મુંબઈ – ૪૦૦૦૮૬ **આઈબીબીઆઈ સાથે નોંધાયેલ ઈમેઈલ આઈડી brupadhyay@hotmail.com ઈમેઈલ પર દાવા મોકલવા આઈડી: brupadhyay.irp@gmail.com** |
| ૧૧. | દાવા રજૂ કરવાની છેલ્લી તારીખ | ૧૬/૦૭/૨૦૨૦ |
| ૧૨. | કલમ ૨૨ ની પેટા કલમ (૬ એ) ના ક્લોઝ (બી) હેઠળ વચગાળાના ઠરાવ વ્યાવસાયિક દ્વારા તારવવામાં આવેલ લેણદારોનું વર્ગીકરણ, જો કોઈ હોય તો. | લાગુ પડતું નથી. |
| ૧૩. | લેણદારો વર્ગ વતિ અધિકૃત પ્રતિનિધિ તરીકે કામ કરવા માટે નક્કી કરાયેલ નાદારી પ્રોફેશનલ્સના નામો.(દરેક વર્ગ માટે ત્રણ નામો) | લાગુ પડતું નથી. |
| ૧૪. | (એ) સંબંધિત ફોર્મ્સ અને (બી) અધિકૃત પ્રતિનિધિઓની વિગતો પર ઉપલબ્ધ છે: | લાગુ પડતું નથી. |

આથી નોટિસ આપવામાં આવે છે કે નેશનલ કંપની લો ટ્રિબ્યુનલે એક્સક્લુઝિવ સ્ટીલ એન્ડ કાસ્ટિંગ લિમિટેડ ની કોર્પોરેટ નાદારીના ઠરાવની પ્રક્રિયાની શરૂઆત ૨ જી જુલાઈ, ૨૦૨૦ના રોજ શરુ કરવા હુકમ કરેલ છે. એક્સક્લુઝિવ સ્ટીલ અને કાસ્ટિંગ લિમિટેડના લેણદારોને આથી ૧૬ મી જુલાઈ ૨૦૨૦ ના દિવસે અથવા તે પહેલા વચગાળાના ઠરાવના વ્યાવસાયિકને ઉપર નોંધ નં. ૧૦ માં જણાવેલ સરનામે તેઓના દાવાઓ પુરાવા સાથે રજૂ કરવા કહેવામાં આવે છે.
નાણાકીય લેણદારો, પુરાવા સાથે તેમના દાવા ફક્ત ઈલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા જ રજૂ કરશે. અન્ય બધા જ લેણદારો, પૂરાવા સાથે દાવાઓ પોસ્ટ દ્વારા અથવા ઈલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા રજૂ કરી શકે છે.
નોંધ નં.૧૨ સામે સૂચિબદ્ધ છે તેમાં જણાવેલ નાણાકીય લેણદાર વર્ગ સાથે જોડાયેલ નાણાકીય લેણદાર, તે નોંધ નં. ૧૩ સામે સૂચવેલ ત્રણ નાદારી વ્યવસાયિકોમાંથી તે વર્ગના ચસ્પષ્ટ વર્ગ સુચવવો અધિકૃત પ્રતિનિધિ તરીકે કાર્ય કરવા તેની પસંદગી ફોર્મ સી.એ. માં જણાવશે – લાગુ પાડતુ નથી.
ખોટા દાવા અથવા ભ્રામક પુરાવા રજૂ કરવાથી દંડ આકર્ષિત થશે.

**ભરત રમાકાંત ઉપાધ્યાય**
વચગાળાના ઠરાવ વ્યવસાયિક
**નોંધણી નંબર:** આઈબીબીઆઈ/ આઈપીએ -૦૦૨ / આઈપી-એન૦૦૧૨૦ / ૨૦૧૭-૧૮/૧૦૨૮૯
**તારીખ** ૦૨/૦૭/૨૦૨૦
**સ્થળ:** મુંબઈ.

**FORM A**

**PUBLIC ANNOUNCEMENT**

(Under Regulation 6 of the Insolvency and Bankruptcy Board of India (Insolvency Resolution Process for Corporate Persons) Regulations, 2016)

FOR THE ATTENTION OF THE CREDITORS OF **EXCLUSIVE STEEL AND CASTING LIMITED**

| RELEVANT PARTICULARS | | |
|---|---|---|
| 1. | Name of corporate debtor | **EXCLUSIVE STEEL AND CASTING LIMITED** |
| 2. | Date of incorporation of corporate debtor | 22/01/2008 |
| 3. | Authority under which corporate debtor is incorporated / registered | Registrar of Companies, Ahmedabad. |
| 4. | Corporate Identity No. / Limited Liability Identification No. of corporate debtor | U27300GJ2008PLC052688 |
| 5. | Address of the registered office and principal office (if any) of corporate debtor | Plot 13, Survey No. 271, Village Mandali Opp. Bhagyoday Hotel Mandali GJ 384130 |
| 6. | Insolvency commencement date in respect of corporate debtor | 02/07/2020 |
| 7. | Estimated date of closure of insolvency resolution process | 29/12/2020 |
| 8. | Name and registration number of the insolvency professional acting as interim resolution professional | **Bharat Ramakant Upadhyay**<br><br>Reg. No.: IBBI/IPA-002/IP-N00120/2017-18/10289 |
| 9. | Address and e-mail of the interim resolution professional, as registered with the Board | 507, 5th floor, C2 Wing, Skyline Wealth Space, Skyline Oasis Complex, Premier Road, Near Vidyavihar Station, Ghatkopar- West, Mumbai – 400086<br>**Email Id registered with IBBI**: brupadhyay@hotmail.com |

| | | |
|---|---|---|
| 10. | Address and e-mail to be used for correspondence with the interim resolution professional | 507, 5th floor, C2 Wing, Skyline Wealth Space,<br>Skyline Oasis Complex, Premier Road,<br>Near Vidyavihar Station, Ghatkopar- West,<br>Mumbai – 400086<br><br>**Email Id registered with IBBI**:<br>brupadhyay@hotmail.com<br><br>**Claims to be sent on Email Id:**<br>**brupadhyay.irp@gmail.com** |
| 11. | Last date for submission of claims | 16/07/2020 |
| 12. | Classes of creditors, if any, under clause (b) of sub-section (6A) of section 21, ascertained by the interim resolution professional | N.A |
| 13. | Names of Insolvency Professionals identified to act as Authorised Representative of creditors in a class (Three names for each class) | N.A |
| 14. | (a) Relevant Forms and<br>(b) Details of authorized representatives are available at: | N.A |

Notice is hereby given that the National Company Law Tribunal has ordered the commencement of a corporate insolvency resolution process of the **Exclusive Steel And Casting Limited** on 2nd Day of July, 2020.

The creditors of **Exclusive Steel And Casting Limited** are hereby called upon to submit their claims with proof on or before 16th Day of July, 2020 to the interim resolution professional at the address mentioned against entry No. 10.

The financial creditors shall submit their claims with proof by electronic means only. All other creditors may submit the claims with proof in person, by post or by electronic means.

A financial creditor belonging to a class, as listed against the entry No. 12, shall indicate its choice of Authorised representative from among the three insolvency professionals listed against entry No.13 to act as Authorised representative of the class [specify class] in Form CA – Not Applicable.

Submission of false or misleading proofs of claim shall attract penalties.

**Bharat Ramakant Upadhyay**
Interim Resolution Professional
Reg. No.: IBBI/IPA-002/IP-N00120/2017-18/10289

**Date**: 03/07/2020
**Place**: Mumbai